# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/242 Dt. 11/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## શારજાહ ફ્રી ઝોન દ્વારા દુનિયાભરમાં માલ મોકલો

## ફિક્કી ગુજરાત રિજિયન દ્વારા ચેમ્બર અને શારજાહ સરકારના સહયોગથી બે દિવસ બીટુબી મીટિંગ્સની વિશેષ શ્રેણી યોજાઈ

### ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કરવેરાની દ્રષ્ટિએ ઊંડાણપૂર્વકની સ્પષ્ટતાઓ મેળવી

**સુરત:** ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI)ના ગુજરાત રિજિયને ‘યુએઈ દ્વારા આંતરરાષ્ટ્રીય બજારોમાં બિઝનેસનાં વિસ્તરણ’ થીમ પર સુરતમાં બી2બી મીટિંગ્સની વિશેષ શ્રેણી યોજી હતી. આ શ્રેણી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (SGCCI) અને શારજાહ એરપોર્ટ ઇન્ટરનેશનલ ફ્રી ઝોન (સૈફ-એસએઆઈએફ ઝોન), શારજાહ સરકાર, યુ.એ.ઈ.ના સહયોગથી સુરતમાં મેરિયોટ હોટેલ ખાતે તા. 20 અને 21 નવેમ્બરે સવારે 10થી સાંજે 5 દરમ્યાન યોજાઈ હતી.

આ મીટિંગ્સમાં ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે શારજાહ ફ્રી ઝોનની નજીક જ દરિયાઈ વિસ્તાર છે અને એથી ત્યાંથી નિકાસ ઝડપથી અને સરળતાથી થઈ શકે છે.

શારજાહ ફ્રી ઝોનમાં સીએ અને તબીબ જેવા વ્યવસાયિકો સિવાય લગભગ તમામ ધંધાર્થીઓને આવકાર મળે છે અને ફ્રી ઝોન છે.. તેમણે બેઉ દેશો વચ્ચેનો બેવડા કરવેરા નિવારણ સમજૂતી-ડીટીએએ વિશે, ત્યાં ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસની સંભાવનાઓ વિશે પણ ઊંડાણપૂર્વક પ્રશ્નોત્તરી કરીને સ્પષ્ટતા મેળવી કે આનો લાભ શારજાહ ફ્રી ઝોનનો ઉપયોગ કરનારા ધંધાને મળે છે એટલે કરવેરાની દ્રષ્ટિએ પણ તે લાભદાયી છે.

સતત બે દિવસ ચાલેલી આ બિઝનેસ ટુ બિઝનેસ મીટને સ્થાનિક ઉદ્યોગો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

ભારતીય કંપનીઓ વૈશ્વિક તકોને ઝડપી લેવા માટે યુએઈનો ગેટ વે તરીકે ઉપયોગ કરીને વ્યૂહાત્મક લાભો મેળવી શકે એ આ પહેલનો ઉદ્દેશ હતો. આ પ્રદેશમાં સૌથી ગતિશીલ અને રોકાણકારોને અનુકૂળ એવા શારજાહ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય ફ્રી ઝોનનો નિકાસમાં કંઈ રીતે ઉપયોગ થઈ શકે એના પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.

સુરતમાં યોજાયેલી વિશેષ શ્રેણીની બીટુબી મીટિંગ્સથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને સૈફ ઝોનના પ્રતિનિધિઓ સાથે રોકાણની સંભાવનાઓ, કાર્યકારી ટેકો અને યુએઈમાં સ્થાપનાની સરળતા ચકાસવામાં ઘણી મદદ મળી અને આ મીટિંગમાં ભાગ લેનારાઓને ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (સી.ઈ.પી.એ.)નો લાભ અસરકારક રીતે લેવા માટે ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સમજૂતી લગભગ 97 ટકા ભારતીય ચીજવસ્તુઓને ડ્યુટી ફ્રી એક્સેસ આપે છે અને આફ્રિકા, યુરોપ અને અન્ય આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતની પહોંચ મજબૂત કરે છે.